**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૭૧૪/૨૦૨૧.**

**આંક : ૩૦.**

**ફરિયાદી** :– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર.

**: વિરૂધ્ધ :**

**આરોપી** :– ૧. **સિલેકટ કેબ્સ પીપલ લોજીસ્ટીક્સ પ્રાઈવેટ લિ.,**
૨૧૧, ૨૧૨, પ્રમુખ મસ્તાના, બીજો માળ,
રીલાયન્સ સર્કલની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર.

૨. **બાલા સુબ્રમણ્યન પપંચપાકેશન સુબ્રમણ્યા–ડાયરેકટરશ્રી,**

૩. **શ્રી ક્રિષ્ણ શર્મા–ડાયરેકટરશ્રી,**

૪. **શ્રી આનંદ નરસિમ્હન–ડાયરેકટરશ્રી,**

૫. **શ્રી મધુ ભગવાનદાસ ભાટીયા,**
**ક્રમ નં.૨ થી ૫ ઠે** : ૮૯૮, નૂતન પ્લાઝા, છઠ્ઠો માળ, ટર્નર રોડ,
બાંદ્રા વેસ્ટ, મુંબઈ–૪૦૦ ૦૫૦.

**ગુન્હો** :– **લઘુતમ વેતન ધારાની કલમ–૨૨ (એ) મુજબ.**
**આરોપી તરફે** :– **વિ. વ. શ્રી પ્રશાંત બી. શર્મા.**

**–: ચૂ કા દો :–**

**૧.** હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**૨.** ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :–

આ કામના ફરિયાદી લઘુતમ વેતન ધારાની કલમ–૧૮ હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ ધ્વારા આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા ધ્વારા **લઘુતમ વેતનના નિયમ–૨૧(૧) (એ)** હેઠળ ગુન્હો કરવામાં આવેલ હોય તે અંગે ફરિયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

**૩.** આરોપીને સમન્સ બજી જતાં આરોપી વતી અધિકૃત પ્રતિનિધી આજરોજ હાજર થતાં, આરોપી વતી ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છિક રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો

કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત આરોપી વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ, છતાં તેઓએ આરોપી વતી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે. આરોપી નં.૪ આનંદ નરસિમ્હન જે તે સમયે કંપનીમાં ડાયરેકટર ન હોવાની બચાવ પક્ષે રજૂઆત કરેલ છે અને તે અંગેના પુરાવા આ કામે રજૂ રાખેલ છે. જે ફોર્મ નં.ડી.આઈ.આર.–૧૨ વંચાણે લેતાં કંપનીના એકિટવ ડાયરેકટરોના લીસ્ટમાં આરોપી નં.૨, ૩ અને નં.૫ ના નામો જણાવેલ છે. જેથી બનાવ સમયે આરોપી નં.૪ કંપનીમાં ડાયરેકટર તરીકે ન હોવાનું રેકર્ડ પરથી જણાય છે. ફરીયાદીને નોટીસ કરતાં ફરીયાદ પક્ષે તેનાથી વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી.

**૪.** ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું–૭૦૯** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ ::–**

**૧.** સદર કામે આરોપી નં.૧, ૨, ૩ અને નં.૫ ને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **લઘુતમ વેતનના નિયમ–૨૧(૧) (એ)** હેઠળ તકસીરવાન ઠરાવીને **કુલ રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.** જો આરોપી દંડ ન ભરે તો **આરોપી નં.૨, ૩ અને નં.૫ દરેકને એક માસની સાદી કેદની સજા** ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આરોપી નં.૪ બનાવ સમયે સંસ્થાના ડાયરેકટર ન હોય તેઓને આ ગુનાના કામે મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.